## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બેટા તુ નાહકનો લગ્ન કરવાથી ડેર છે... આ જો... વાસણ માંજવામાં પંદર મિનિટથી વધુ સમય નથી જતો...!!



સેક્ટર-૪ ના શનિદેવની મંદિરની પાસે સુંદર બગીચો આવેલો છે. મંદિરમાં દર્શનાર્થે આવતા ભાવિકો અહીં હરવા-ફરવા આવે છે. જો કે અહીં બાળકો માટે લગાવાયેલા હિંચકા, લપસણી અને અન્ય રમતગમતના સાધનો તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. બાળકોના રમતગમતના સાધનોનું રીપેરીંગ થવુ આવશ્યક છે.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ ઘટ્યો છે પણ શાકભાજીના ભાવ ઉંચકાયા છે.

●ગાંધીનગર જિલ્લામાં શિક્ષકોની ફેરબદલીના કેમ્પના આયોજનની તૈયારીઓ અંગેની પ્રાથમિક કવાયત હાથ ધરાઈ છે.

●આજે કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ ગાંધીનગર શહેરમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવાના હોવાથી તંત્રના અધિકારીઓ તડામાર તૈયારીમાં વ્યસ્ત બન્યા છે. જિલ્લાના અધિકારીઓએ સ્થળોની પણ મુલાકાત લઈ સમીક્ષા કરી હતી.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

●ચિંતન શિબિરમાં ભાગ લેવા અધિકારીઓ અને મંત્રીમંડળના સભ્યો સવારે સાડા નવ વાગે બસમાં બેસી રવાના થયા હતા.

●ભાટમાં એલસીબીએ ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમાડતા બુકીને મુદ્દામાલ સાથે ઝડપી લીધો છે.

●અમીયાપુરમાં તસ્કરોએ રાણીછાપ સિક્કા, ચાંદીની ૧ કિલો વજનની ટ્રે સહિત ૩ લાખની ચોરી નોંધાઈ.

●ભાટ ગામ ખાતે રસ્તો ક્રોસ કરતા યુવાનનું અજાણ્યા વાહનની ટક્કરે સારવાર દરમ્યાન મોત.

●દહેગામમાં સામાન્ય બાબબતે બે શખ્સોનો યુવાન પર હુમલો.

●રાંધેજા ગામે બે જૂથો વચ્ચે મારામારી થતાં સામસામી ફરિયાદો નોંધાઈ.

●દહેગામમાં વધુ એક દુકાનમાં ચોરી, શહેરના હાર્દસમા વિસ્તારમાં તસ્કરો ૧ લાખ ૩૫ હજારની મત્તા ચોરી કરી ગયા.

●પૂર્વ શિક્ષણમંત્રી હસમુખભાઈ પટેલનું દુઃખદ અવસાન થયુ છે.

●ગાંધીનગર શહેરમાં દક્ષિણ ઝોનમાં વધુ વાવેતર કરવામાં આવશે.

●ગાંધીનગર મનપાની નવી કચેરીએ હવે મોટા બોર્ડ સાથે દરવાજો લગાવવામાં આવશે.

●ગાંધીનગર એમ.એસ. બિલ્ડીંગમાં ગઈકાલની શોર્ટસર્કિટની ઘટના પછી આજે વીજ પ્રવાહ થોડીક થોડીકવારે ખોરવાતો રહેતાં કચેરીઓમાં વિક્ષેપ ઉભો થતો હતો.

●ગાંધીનગર શહેરમાં વીજમાંગમાં વધારો થવા પામ્યો છે. જો કે સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો એટલી જ વધી છે.

●શહેરમાં ઈવનીંગ વોકર્સની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

# અમીયાપુર નેમીશ્વર પાર્કમાં રૂ.૩.૬૮ લાખ મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર અમીયાપુર ગામમાં સ્થિત નેમીશ્વર પાર્ક સોસાયટીના મકાનમાં તસ્કરોએ રૂ.૩.૫૦ લાખથી વધુ મતાનો હાથફેરો કર્યો છે. મકાનના ગેસ્ટ રૂમની બારીના લોખંડની જાળીના ત્રણ સળીયા કાપી અંદર પ્રવેશી રૂ.૨ લાખ રોકડા, ચાંદીના રાણી છાપરના સિક્કા અને ચાંદીની આર્ટીકલ્સ મળીને રૂ.૩,૬૮,૩૫૦ મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા માટે વિવિધ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના અમીયાપુર નેમીશ્વર પાર્ક સોસાયટીના મકાન નં. એ-૩૯ માં રહેતા ૭૬ વર્ષિય હિંમતરામ જયરામ ભટ્ટના પરિવારમાં પત્ની રમીલાબેન અને સંતાનમાં દિકરો-દિકરી છે. જે પૈકી મોટી દિકરી હિંમતનગર ખાતે રહે છે. જયારે મકાનમાં વૃધ્ધ દંપતિ પુત્ર નિહીર તેની પત્ની નેહાલી તેમજ પૌત્ર દ્વારકેશ સાથે રહે છે.ગત તા.૧૩ મે ના રોજ રાતના સાડા આઠ વાગ્યાના અરસામાં પરિવારના સભ્યો જમી પરવારીને ઘરે હાજર હતા. તે સમયે સાડા નવ વાગે નિહીરભાઈ નોકરીથી ઘરે આવી જમીને પરિવાર સાથે બેઠા હતા. તે સમયે ઘરના ગેસ્ટ રૂમમાં વેર વિખેર પડી રહેલી વસ્તુ સરખી કરી પરિવારના સભ્યો પોતાના બેડરૂમમાં સુઈ ગયા હતા. બીજા દિવસે સવારે હિંમતરામ સહિત ઘરના સભ્યો ડાઈનીંગ ટેબલ ઉપર ચા નાસ્તો કરી રહ્યા હતા. તે સમયે હિંમતરામની નજર ગેસ્ટ રૂમ પર પડી હતી, જેનો દરવાજો બંધ હતો. હિંમતરામ ઉભા થઈને દરવાજો ખોલવાનો પ્રયત્ન કર્યો હતો.પરંતુ દરવાજો ખુલ્યો ન હતો. ઘરની બહાર નીકળી સાઈડમાંથી ગેસ્ટરૂમની બારી બાજુ જોતા બારીના ત્રણ લોખંડના સળીયા કાંપી નાંખેલા હતા.જયારે રૂમમાં રહેલી તિજોરી ખુલ્લી હતી. જયારે તિજોરીનો સામાન વેરણ છેરણ પડ્યો હતો.જયારે પલંગ પર દાગીના મુકવાના બોક્ષ લોખંડનું ડ્રોવર સહિતની ચીજવસ્તુઓ પડી હતી. જેથી ચોરી થઈ હોવાનો અંદાજ આવ્યો હતો.લોખંડના સળીયા વડે બારીમાંથી દરવાજાની સ્ટોપર ખોલી ઘરમાંથી ગેસ્ટરૂમમાં આવી તપાસકરતા રોકડા રૂપીયા બે લાખ, ચાંદીના આર્ટીકલ્સ, જેમાં મોટી ટ્રે છ ગ્લાસ સાથેની એક કિલો વજનની, ચાંદીનુ મુખવાસનું બોક્ષ, ચાંદીના બે ગ્લાસ, ચાંદીની નાની ડીશ, ચાંદીના જુના રાણી છાપના ૧૨ સિક્કા તેમજ ચાંદીના લક્ષ્મી છાપના ૮ સિકકા મળી કુલ રૂ.૩, ૬૮, ૩૫૦ નો મુદ્દામાલ ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે.ત્યારે બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# ભાટ ઈડીઆઈ પાસે અજાણી કારની ટક્કરે શ્રમિક યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૯

ભાટ ઈડીઆઈ કેન્ટીનમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા યુવકનું રાત્રીના સમયે માર્ગ ક્રોસ કરવા જતા સમયે અજાણ્યા વાહને ટકકર મારતા ગંભીર ઈજા પહોંચી હતી.

ત્યારે અમદાવાદ સિવિલમાં યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ડુંગરપુરના અને હાલ અમદાવાદ જોધપુર એસ.બી.હાઉસ ખાતે શંકરલાલ કુરીયાજી ખરાડી (મીણા)પીજીમાં રહીને હેલ્પર તરીકે કામ કરે છે. તેઓ બે ભાઈ પૈકી શંકરલાલ મોટા અને દિનેશ કુરીયાજી ખરાડી નાનો હતો. ભાટ ઈડીઆઈ કેન્ટીન ખાતે શંકરલાલ નોકરી કરતો હતો.શંકરલાલા પીજી ખાતે રાત્રે હાજર હતા તે સમયે અચાનક તેમના દિકરા કલ્પેશ પર ફોન આવ્યો હતો. લાલસીંગ નામના વ્યકિતએ જણાવ્યું કે હુ હાલ રાજસ્થાન આવ્યો છું.

પરતુ સાથે કામ કરતા એક કર્મચારીએ જણાવ્યું કે તારા કાકાના દિકરા દિનેશભાઈને ગતરોજ રાત્રીના સમયે કનોરીયા હોસ્પિટલ સામે રોડ પર ચાલીને રસ્તો ક્રોસ કરી રહ્યો હતો તે સમયે અચાનક અજાણી કારના ચાલકે ટક્કર મારતા દિનેશ નીચ પડી ગયો હતો અને તેને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચી હતી.

જેથી ૧૦૮ દ્વારા તાત્કાલીક સારવાર માટે અમદાવાદ લઈ જવાયો હતો. જયાં સારવાર દરમિયાન રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં દિનેશનું મૃત્યુ નિપજયું હતું. જયારે ગાડી ચાલક અકસ્માત કરી ભાગી ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથધરી છે.





સેક્ટર-૪ના શનિદેવ મંદિર ખાતે શનિ જયંતિ નિમિત્તે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયુ હતુ. મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ભાવિકોને પ્રસાદ સ્વરૂપે કાળા તલની ચીક્કીનું વિતરણ કરાયુ હતુ.

## આજે મિશન લાઈફ અંતર્ગત પુનિતવનથી ગીર ફાઉન્ડેશન સુધી સાયકલ રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગીર ફાઉન્ડેશન અને ફોરેસ્ટ વિભાગના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરમાં પર્યાવરણ બચાવવા અંગેની સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. "માસ મોબીલાઈઝેશન ઓફ મીશન લાઈફ" અંતર્ગત શહેરમાં તા. ૨૦-૫-૨૩, શનિવારે સવારે ૬.૩૦ વાગ્યે પુનિતવન ખાતેથી સાયકલરેલીનું આયોજન કર્યુ છે. આ સાયકલરેલી પુનિતવનથી સેન્ટ્રલ વિસ્ટા રોડ તરફ મહાત્મા મંદિરથી ગ-૩ બાદ ગ-૨ અને ત્યાંથી ઘ-૨ થઈને ચ-૨ તરફથી ગીર ફાઉન્ડેશન પહોંચશે. આ પર્યાવરણ બચાવો અભિયાનમાં શહેરના એનજીઓ, પર્યાવરણ પ્રેમીઓ મોટાપાયે જોડાશે.

## ઇન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના હોદ્દેદારોની શપથવિધિ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

શહેરની સંસ્થા ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રેસિડેન્ટ ઈ. લા. વિમલાબેન યાદવ અને તેમની ટીમ લની શપથવિધિ કાર્યક્રમ યોજવાનો છે. જેનું આયોજન તા. ૨૧મી મે, રવિવારના રોજ ગેઝિયા ઓડિટોરિયમ હોલ, સેકટર-૨૫ખાતે સાંજે ૬ કલાકે વાગ્યે કરવામાં આવ્યું છે.

### ભાટ સુમેલ બંગ્લોઝમાં મકાન નં.૩૦માંથી બુકી ઝડપાયો

# ગોલ્ડન ૭૭૭૭ એકસચેન્જ આઈડી દ્વારા ઓનલાઈન સટ્ટો ચાલતો હતો



ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગરના ભાટ સુમેલ બંગ્લોઝમાં મકાન નં.૩૦માંથી ક્રિકેટ સટ્ટાનું રેકેટ એલસીબી પોલીસે ઝડપી પાડ્યું છે. આઈપીએલની સનરાઈઝ હૈદરાબાદ અને રોયલ ચેલેન્જર બેંગ્લોર મેચ પર ગોલ્ડન ૭૭૭૭ એકસચેન્જ આઈડી થકી ઓનલાઈન હાર જીતનો સટ્ટો રમાતડતા શખ્સને પોલીસે રૂ.૬૫ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ દિવાનસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.પી.સોલંકી ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા. તે સમયે તેઓને બાતમી મળી હતી કે ભાટ ગામના શગુન ફાર્મની બાજુમાં સુમેલ બંગ્લોઝ મકાન નં.૩૦ માં કરણ ઉર્ફે કાલુ મનોહરભાઈ મુલાણી આઈપીએલની મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડે છે. જેથી પોલીસે દરોડો પાડી કરણ ઉર્ફે કાલુને ઝડપી પાડ્યો હતો. તેની પાસે રહેલા મોબાઈલની તપાસ કરતા ગોલ્ડન ૭૭૭૭ એકસચેન્જ નામની લીંક ચાલુ હતી. ગોલ્ડન ૭૭૭૭ દ્વારા કરણ ઉર્ફે કાલુ આઈપીએલની ૨૦૨૦ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતો હતો.

પોલીસે પુછપરછ કરતા લીંકનો માસ્ટર આઈડી પાસવર્ડ ભાટ રહેતા શિવુભાઈ નામના બુકી પાસેથી રૂ.૨૦ લાખમાં ખરીદ્યો હતો.માસ્ટર આઈડી પાસવર્ડના દર મહિને રૂ.૨૫ હજાર શિવુભાઈ નામના બુકીને ચુકવતો હતો.આઈડી પાસવર્ડ તપાસ કરતા તેમાં રૂ.૯ લાખ થી વધુ બેલેન્સ પણ હોવાનું એલસીબીની તપાસમાં સામે આવ્યું હતું. કરણ ઉર્ફે કાલુએ રૂ.૨૦ લાખમાં માસ્ટર આઈડી પાસવર્ડ ખરીદ્યો હતો.તેના દ્વારા ઓનલાઈન ક્રિકેટનો સટ્ટો રમી રમાડતો હતો.આ આઈડીમાં ગ્રાહકો ક્રિકેટ સટ્ટાની બેટીંગ લગાવતા હોવાનું નકારી શકાય તેમ નથી. હાલમાં તો બંન્ને મોબાઈલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# રાંધેજા બાપ-દિકરીને ઝઘડાની અદાવત રાખી ત્રણ શખ્સોએ ધોકાવાળી કરી

ગાંધીનગર, તા.૧૯

રાંધેજા ગામમાં અરજણજીના ઘર પાસે ત્રણ શખ્સો અગાઉ થયેલા ઝગડાની અદાવત રાખી એક પરિવાર પર ધોકા લઈ તુટી પડ્યા હતા. આ મારામારીમાં ફરીયાદી તેમજ તેના પિતાને ધોકો મારતા લોહી નીકળતા સારવાર માટે ખસેડાયા હતા.

જયારે આરોપીઓએ ગાળાગાળી કરી ફરીથી અહીં નીકળશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિજાપુરના કુકરવાડા ખાતે સાસરીમાં પરિવાર સાથે કાજલ આતિષજી ઠાકોર રહે છે. કાજલબેન દશ દિવસથી પિયર રાંધેજા રહેવા માટે આવ્યા છે. ગત તા.૧૮ ના રોજ રાતના આઠ વાગ્યાના અરસામાં તેણીના માતા તેમજ કૌંટુબીક સભ્યો સાથે રાંધેજા ગામના મહાકાળી માતાજીની બાધા કરવા માટે ગયા હતા.

બાંધા કરી પરત ફરી રહ્યા હતા તે સમયે કાજલના ભાભીનું ઘર આવતા રોડ પર ભાભીનો ભાઈ સંદીપજી ઉભો હતો. જયારે તેના પિતા અરજણજી પણ રોડ પર ઉભા રહી અગાઉ થયેલી માથાકુટને પગલે બોલાચાલી કરી રહ્યા હતા. જેથી કાજલના પિતા સરદારજી અચાનક આવી જતા ગાળો બોલવાની નહી તેમ કહેતા જ અરજણજી ઉશ્કેરાઈ ગયા હતા. હાથમાં ધોકો લઈ આવી સરદારજીને માર્યો હતો. તેના પિતાને બચાવવા માટે વચ્ચે પડતા અરજણજીનો દિકરો સંદીપજી તેમજ યુવરાજ ઉર્ફે ટીલો પણ આવી ગાળાગાળી કરતા હતા.

તે સમયે સંદિપજી તેના હાથમાં રહેલો ધોકો કાજલને મારતા લોહી નીકળતુ હતું. ઝગડાને લઈ હોહા થતા કુટુંબના સભ્યો એકઠા થઈ ગયા હતા. તે સમયે જતા જતા ત્રણેય જણા કહેતા હતા કે ફરીવાર અમારા ઘરની આગળથી નીકળશો તો જાનથી મારી નાંખીશું તેમ કહી જતા રહ્યા હતા. જયારે ધોકો વાગતા લોહી નીકળતુ હોવાથી ૧૦૮ માં સરાવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ગુનો નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

# ઈસનપુર મોટા ખાતે બ્રહ્માણી માતાજી મંદિરનો ૬૮મો પાટોત્સવ ઉજવાયો



તા. ૧૮-૫-૨૩ને ગુરૂવારના રોજ ઈસનપુર મોટા બ્રહ્માણીમાતાજીનો ૬૮મો પાટોત્સવ ઈસનપુર મોટાના તમામ બ્રાહ્મણ સમાજના લોકો એક સાથે ભેગા થઈ નવચંડી યજ્ઞ કરી ભવ્ય ઉજવણી કરી હતી.

### ચિલોડા પંથકમાં ફળોનો રાજા ગણાતી

# દેશી આંબાની રસ માટેની સ્વાદિષ્ટ કેરીનું ઘર આંગણે આગમન



ગાંધીનગર, તા.૧૯

ચિલોડા પંથકમાં ગરમીમાં કેસર કેરીની સાથે ફળો નો રાજા ગણાતીઆંબાનીસસ્તી દેશી સ્વાદિષ્ટ પાકી કેરીનું ધૂમ આગમન થતા હાલમાં ગામડે ગામડે અને ઘરે ઘરે શેરીમાં ઘર આંગણે સ્થાનિક નાના વેપારીઓ પોતાની લારીઓમાં વેચાણ કરી કેરી રસિયાઓને ગરમીમાં ૭૦અને૭૫ રૂપિયેએક કિલોના ભાવે ચૂસવાની સ્વાદિષ્ટ મીઠીદેશી કેરી નું ધૂમ વેચાણ માટે ફેરિયા ફરી રહયા છે અને કેરી રસના રસિયાના મન મૂકી કાર્બનમુક્ત કેરી ની માંગ માં વધારો કરી રહ્યા છે





કાળઝાળ ઉનાળામાં પીવાના ઠંડા પાણીની સેવા મોટુ પુણ્ય ગણાય છે અને એટલે જ ઠેર ઠેર પાણીની પરબ બંધાવવામાં આવે છે. સંતશ્રી બળદેવનાથજી સેવા ટ્રસ્ટ સંચાલિત સંત સવૈયાનાથ પાણીની પરબમાં નાગરિકોને-મુસાફરો માટે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.